## યુસફ અને બીજા ભક્તોએ દેવની છૂટકારારૂપી કૃપા મેળવી

*બાળકોની શિક્ષકોએ ચિલ્ડ્રન સ્ટડી ૨૩હ્ન વાંચવી*

**પ્રાર્થના :** આકાશમાના અમારા બાપ, ઈસુ, પીતર અને પાઉલની જેમ દઢપણે ઊભા રહેવામાં અમારી સહાય કરો. તેમણે તમારી અનંતકૃપાને મુક્તપણે અવરોધ કરનાર માણસો અને સંપ્રદાયોનો સામનો કર્યો હતો.

**૧. આપણા દેવની મુક્ત કૃપાને માટે તમારા હૃદયો દેવના વચન વડે તૈયાર કરો.**

| **નવાકરારનું શિક્ષણ** | **ધાર્મિક રૂઢિઓનું શિક્ષણ** |
|---|---|
| લાયકાત વિનાના વિશ્વાસ કરનાર પાપીઓ માટે દેવનું માફીનું દાન એ કૃપા છે. રૂમી ૫:૮-૨૧માં કૃપાનું એકમાત્ર મૂળ બતાવ્યું છે. | જો કૃપા મફત હોય તો ખ્રિસ્તીઓ ધારશે કે ચાહો તે કરો અને એમ તેઓ પાપ કર્યા કરશે રૂમી. ૬:૧-૧૪ જો આ સાચુ હોય તો. |
| દેવની ભલાઈ પાપીઓને પસ્તાવો કરવા પ્રેરે છે. રૂમી ૨:૪, તિતસ ૨:૧૧-૧૫. કૃપા વિશ્વાસીને શું કરવા માટે દોરે છે તે બતાવ્યું છે. | ધાર્મિક આગેવાનોએ ચુસ્ત કાયદાઓ દ્વારા વ્યવસ્થા જાળવવી જોઈએ. બાઈબલ સિવાય ની માનવરચિત નીતિઓ દ્વારા મંડળીઓ ચલાવવી જોઈએ નહિ. |
| તારણ વિશ્વાસ દ્વારા કૃપાથી છે. એફે. ૨:૮-૧૦ તેના પરિણામે ઉત્પન્ન થતી કરણી આપણું તારણ ઉપજાવે છે. | તારણ મેળવવા માટે સારા કૃત્યો કરવા જરૂરી છે અમે મના કરીએ છીએ તેવા કામોમાંનું કોઈ પણ તમે કરો તો તમારું તારણ થશે નહિ. |

ઉત્પતિ ૩૭ તેમજ ૩૯ થી ૪૫ અધ્યાયોમાંથી યુસફની વાર્તા **વાંચો**. તે ઉદાહરણ દ્વારા ખ્રિસ્તે તેની વિરુદ્ધ પાપ કરનારને પસ્તાવો કરે ત્યારે કેવી મફત માફી આપી છે તે સમજો. યુસફ કેટલીક બાબતોમાં ખ્રિસ્ત સાથે સરખાપણું ધરાવે છે.

તેનો બાપ તેના પર પ્રેમ રાખતો હતો
તેના ભાઈઓએ તેનો નકાર કર્યો અને તેને વેચી દીધો.
તેને અન્યાયી રીતે સજા કરવામાં આવી.
તેને સત્તાધિશ બનાવવામાં આવ્યો.
જેઓએ તેનું ભુંડુ કર્યું હતું તેઓને તેણે માફ કર્યા.

તેણે તેના ભાઈઓ માટે મધ્યસ્થી કરી.
ભોજન વખતે તેણે પોતાના ભાઈઓને પોતાની ઓળખાણ આપી. આપણે ઈસુનું મુખ મોટા જમણ વખતે જોઈશું. પ્રક. ૧૯:૬-૯, ૧ યો. ૩:૨
તેણે તેઓને વસવા માટે ઉત્તમ વતન આપ્યું.

**૨. સાથીદારો સાથે બીજા અઠવાડીયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

જે વિશ્વાસીઓ અને પાળકો ધાર્મિક રૂઢિઓમાં ફસાયેલા છે તેઓની મુલાકાત કરો. અને દેવની કૃપા સંબંધી તેમની સાથે ચર્ચા કરો.

**૩. સાથીદારો સાથે આવનાર ભજનસેવાનું આયોજન કરો.** (જરૂરીયાતો અનુસાર પ્રવૃત્તિઓ પસંદ કરવી)

યુસફની વાર્તા કહો અને કેટલાક રસ્તા વર્ણવો જેમાં યુસફનું જીવન ખ્રિસ્તની કૃપા બતાવે છે.

ધાર્મિક રૂઢિઓથી 'સાત છૂટકારા' **સમજાવો.** તંદુરસ્ત માંડલિક જીવન માટે આપણે આ છૂટકારાઓ અનુભવવા જોઈએ અને ખ્રિસ્ત માટે વિસ્તૃત ઝુંબેશ ઊઠાવવી જોઈએ.

- શ્રી રૂઢિચુસ્ત એ નામનું ચિન્હ બનાવો અને કોઈને તેનું પાત્ર ભજવવાનું કહો.
- શ્રી રૂઢિચુસ્ત માનવરચિત નિયમો માટે આગ્રહ રાખે છે અને તે દરેક સ્થળે જોવા મળે છે. તમે છૂટકારાઓ વિષે વાંચશો તો શ્રી રૂઢિવાદી તમારી સાથે દલીલો કરશે. લોકોને કહો કે તેની ભૂલો સમજી લે.

**(૧) ઈસુ અને તેના પ્રેરિતોએ જેની આજ્ઞા કરી અને નમૂનો આપ્યો. તે અનુસાર દરેક બાબત કરવા માટેની સ્વતંત્રતા.**

આ આજ્ઞામાં વિશ્વાસીઓને દેવની મફત કૃપાની અને માફીની ખાતરી. માણસોના નિયમ વગર વચન અનુસાર બાપ્તિસ્માં આપવું અને જ્યાં જ્યાં વિશ્વાસીઓ એકઠા મળે ત્યાં પ્રભુની મેજ પાળવી તે બાબતોનો સમાવેશ થાય છે.

શ્રી રૂઢિચુસ્ત તેનું ચિન્હ બતાવે અને દલીલો કરે છે તે જ બોલે છે 'કેવળ સર્ટિફીકેટ' વાળા પાદરી જ બાપ્તિસ્મા આપી શકે એ મેજની સંગત કરાવી શકે. જેઓ બાપ્તિસ્મા લેવા માંગે છે તેમણે પહેલાં પાણી પર ચાલી બતાવવું પડે કે તેઓ પવિત્ર છે.'

વિશ્વાસીઓને કહો કે શ્રી રૂઢિચુસ્તને જવાબ આપે પછી **સમજાવો** કે માણસોને તાબે થવા કરતા ઈસુને તાબે થવું આપણે માટે જરૂરી છે.

- પ્રેરી.૨:૩૭-૪૭માં યરુશાલેમમાં જે પ્રથમની મંડળીના વિશ્વાસીઓ હતા તેમણે શરુઆત ઈસુની આજ્ઞાઓને આધિન થવાથી કરી હતી.
- પ્રે. ૨ માં જે ત્રણ હજાર વિશ્વાસીઓએ ઈસુની આજ્ઞાઓનું પાલન કર્યું તેને સાત ભાગમાં વહેંચી શકાય.
- તેઓએ પસ્તાવો કર્યો ને પવિત્રઆત્મા પામ્યા, બાપ્તિસ્મા પામ્યા, પ્રભુની મેજના ભાગીદાર થયા, સંગત માં રહીને એકબીજા ઉપર પ્રેમ કર્યો, પ્રાર્થનામાં લાગુ રહ્યા, દાન આપતા રહ્યા અને શિષ્યો બનાવતા ગયા.
- માત્થી ૨૮ :૧૮-૨૦ માં ઈસુએ શું કહ્યું જેને કારણે તેની આજ્ઞાઓ તમામ માનવીય કાયદાઓથી પર છે?

**(૨) પ્રભુને શોધનારાના ઘરોમાં પ્રવેશ કરવાની સ્વતંત્રતા, સુવાર્તાપ્રચાર, તેઓના ઘરમાં તરત જ નવી મંડળી શરૂ કરવી અને તેઓના કુટુંબ અને જાતિઓમાં કાર્ય કરવું.**

- શ્રી રૂઢિચુસ્ત અસંમત થાય છે. 'નવા વિશ્વાસીઓને તેમના મિત્રોની ખરાબ અસરોમાંથી અલગ કરો. એક ચર્ચ બીજું નવું ચર્ચ શરૂ કરે તે પહેલાં વર્ષોની પરિપકવતા જોઈએ મુખ્ય ઓફિસેથી તેની મંજુરી લેવી પડે અને સભ્યો એક પાસ્ટરને નિભાવી શકે તેટલું દાન આપનારા હોવા જોઈએ.
- શ્રી રૂઢિચુસ્તને જવાબ આપવાનું વિશ્વાસીઓને કહો પછી સમજાવો કે આપણે કૌટુંબિક વર્તુળોમાં જ કાર્ય કરવું જોઈએ. ઈસુ અને તેના શિષ્યો ઘણી વખત ઘરોમાં ગયા અને તેમની સાથે ભોજન કર્યું તેઓએ તરતજ શોધક કુટુંબો અને મિત્રોનો સંપર્ક કર્યો.તેઓ જ્યા જ્યાં ગયા ત્યાં ત્યાં બિલ્ડીંગ કે પગારની સગવડોની પરવા કર્યા સિવાય નવી મંડળીઓ સ્થાપી.

**૩) નાના જૂથો કે જેમાં વિશ્વાસીઓ એકબીજાના સંપર્કમાં રહી શકે તેમાં એકબીજાની સેવા કરવાની સ્વતંત્રતા (૧ કોરી. ૧૪:૨૪-૨૬)**

- શ્રી રૂઢિચુસ્ત વાંધો લે છે 'આપણે બધી બાબતો વ્યવસ્થાની આધીનતામાં કરવી જોઈએ. અને એ વ્યવસ્થા એટલે હું કહું તેવા નિયમો. જાહેર સભાઓ તો ભણેલા પાળકે જ ચલાવવી જોઈએ.'
- વિશ્વાસીઓને શ્રી રૂઢિચુસ્તના વાંધાનો જવાબ આપવાનું કહો. પછી સમજાવો કે દેવ આપણને આજ્ઞા આપે છે કે તેણે આપેલા દાનો વડે આપણે એકબીજાની સેવા કરવી જોઈએ. આપણને દરેક જણ બોલી શકે તેવા નાના જૂથો બનાવવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ.

**૪) દેવની લાયકાતો ધરાવનારા સેવકો - પગારદાર અથવા બિનપગારદાર - નક્કી કરવાની સ્વતંત્રતા.**

- શ્રી રૂઢિચુસ્ત દલીલ કરે છે, "અમારી મંડળીને તો અધિકૃત પાળકની જરૂર છે. મંડળીની કાયદાપોથીમાં ૭૩૪ કાયદા છે જેનું પાલન થયેલું હોવું જોઈએ. તેમાં અધિકૃત શિક્ષણ પણ આવી જાય છે.
- વિશ્વાસીઓને શ્રી રૂઢિચુસ્તને જવાબ આપવાનું કહો. પછી સમજાવો કે પાઉલે નવી મંડળીઓમાં કામ કરવા પાળકો અને વડીલો ઠરાવ્યા અને તેમને શિક્ષણ આપ્યું પ્રે.કૃ. ૧૪:૨૩. તેણે તિતસને પણ તે જ પ્રમાણે કરવાનું કહ્યું. તિતસ ૧:૫-૯

**૫) બીજા ચર્ચોની પદ્ધતિઓની નકલ કર્યા સિવાય જુદી જુદી રીતે કામ કરવાની સ્વતંત્રતા.**

- શ્રી રૂઢિચુસ્ત સંમત થતા નથી. 'આપણે બધાએ સરખી પદ્ધતિ અપનાવવી જોઈએ હું પણ તેમજ કરું છું. ખ્રિસ્તમાં એકતાનો અર્થ બધા એકસરખી પદ્ધતિ અપનાવે તે છે. આપણે એકરખી રીતે વચનનો પ્રચાર કરવો જોઈએ. દેવ ચાહે છે કે પુલપીટ પર તો ઉચ્ચ ગુણવત્તા અને પ્રતિભાવાળા જ હોવા જોઈએ.
- શ્રી રૂઢિચુસ્ત ને જવાબ આપવાનું વિશ્વાસીઓને કહો. પછી સમજાવો કે આપણે ઘણી પદ્ધતિઓ અપનાવી શકીએ. ઈસુ અને તેના પ્રેરિતોએ પણ તેમજ કર્યું અને દરેક આગેવાનની આત્મિક પુખ્તતા અને સ્થાનિક રસમો અનુસાર જૂથોનું કદ રાખ્યું.

**૬) નવા ટોળાની તાકીદની જરૂરિયાતો સંતોષવા પાળકોને તાલિમ આપવાની સ્વંતત્રતા**

- પ્રભુ ઈસુ કહે છે કે બુદ્ધિમાન શિક્ષક (શાસ્ત્રી) જૂની અને નવી વસ્તુઓ કાઢનાર જેવો છે માત્થી. ૧૩:૫૨. નવા આગેવાનો આગળ આપણે ઘણી પસંદગીઓ મૂકવી જોઈએ જેથી તેઓ પોતાના ટોળાની જરૂરીયાત અનુસારનો અભ્યાસ (સ્ટડી) પસંદ કરી શકે.
- **શ્રી રૂઢિચુસ્ત શેખી કરે છે**, 'અમારા ટ્રેનીંગ પ્રોગ્રામનો ખાસ અભ્યાસક્રમ છે. દરેક વિદ્યાર્થી એક સરખો અભ્યાક્રમ ભણે છે. એક જ જગ્યાએ શરુઆત કરે છે. અને એકરસખી રીતે આગળ વધે છે. તેઓ ભવિષ્યમાં તેને અમલમાં મૂકશે, તેઓ અભ્યાસ પૂરો કરીને ડીગ્રી મેળવશે પછી.'
- શ્રી રૂઢિચુસ્તને જવાબ આપવા માટે વિશ્વાસીઓ ને કહો .પછી સમજાવો કે ચાલુ સંજોગો અને તાકીદની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઈસુએ શિક્ષણની પદ્ધતિ અપનાવી. પાઉલે પણ ક્રીત ટાપુ ઉપર જે ઉણપો હતીં તે અનુસાર શિક્ષણ આપવા તિતસને સૂચના આપી. નવી મંડળીઓમાં જુદા જુદા પ્રકારની જરૂરિયાતો હોય છે.

**૭) વિસ્તાર પ્રમાણે તિતસ જેવા સંકલન કરનાર ઠરાવવાની સ્વતંત્રતા કે જેઓ નવી મંડળીઓ પર દેખરેખ રાખે અને નવા પાળકોને તાલિમ આપે - જેમ પાઉલે તિતસને આજ્ઞા આપી તેમ. તિતસ ૧:૫.**

- શ્રી રૂઢિચુસ્ત દલીલ કરે છે, 'નવી મંડળીઓને પોતાની રીતે પોતાનું સંચાલન કરવા દેવું જોઈએ. બિશપ ફક્ત પાંચ વર્ષે એકાદ વાર તેમની મુલાકાત લે. જો કોઈ તેમની દેખરેખ રાખનાર હોય તો તે હું જ હોઈ શકું.'
- વિશ્વાસીઓને શ્રી રૂઢિચુસ્તને જવાબ આપવાનું કહો. પછી સમજાવો કે નવી મંડળીઓ નવજાત શિશુ જેવી હોય છે તેમની તાકીદની જરૂરિયાતો હોય છે અને તેમને સંભાળ રાખનારની જરૂ-ર હોય છે કે જે મોટી મંડળીઓ અથવા આગવાનો રાખી શકે. પાઉલે તિતસને ક્રીતમાં મૂક્યો કે તે પાળકની સેવા માટેના વડીલો મંડળીઓમાં ઠરાવે કે જે મંડળીની બધી ઉણપોને પૂરી કરે.

બાળકોને ઉડાઉ દીકરાનું નાટક રજુ કરવાનું કહો. તેઓ ગીત રજુ કરે અને સભામાં પ્રશ્નો પૂછી શકે **મદદગારો**ને બે વાર્તાઓ, જાખીની લુક ૧૯:૧-૧૦ અને પાપણી સ્ત્રી લુક ૭:૩૬-૫૦ બે માંથી એક અથવા બંને વાર્તાઓ કહેવાનું અથવા તેનું નાટક ભજવી બતાવવાનું કહો. આ વાર્તા પછી લોકોને પૂછો કે તે કઈ રીતે ખ્રિસ્તની કૃપા દર્શાવે છે **વિશ્વાસીઓ**ને કહો કે ખ્રિસ્તની માફીદાયક કૃપા તેમને પ્રાપ્ત થઈ તે વિષે તેઓ સાક્ષી આપે.

યોહાન ૧:૧૪ **મુખપાઠ કરો**. ઈસુ કઈ બાબતથી ભરપૂર હતો તે યાદ રાખો.

Copyright © 2003 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.